ફોજદારી કેસ નંબર.: ૧૯૨૨–૧૦

**આંક–૧ નીચે હુકમ**

આજરોજ અત્રેની અદાલતમાં યોજવામા આવેલ કોર્ટ ના સ્પેશીયલ સીટીગમાં વારંવાર પોકારવા છતા આરોપી હાજર નથી કેસનું રેર્કડ અને પ્રોસીડીગ્સ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતા પોલીસે પ્રોસેસ ની બજવણી કરી અદાલતમાં આજદીન સુધી હાજર રખાવેલ નથી અને ભવિષ્યના ટુંકા સમય મા આરોપી અદાલતમાં હાજર થાય તેવા કોઈ સંજોગો જણાતાં નથી.આ કેસ..૮..વરસ જેટલો જુનો છે અને ફરી.પક્ષની કસુર ના કારણે આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ વધી શકતી નથી.કાનુની જોગવાઈ ઓ ધ્યાને લઈએ તો આરોપી વિરુધ્ધ આ સમન્સ ટ્રાયેબલ પોલીસ કેસ છે.નામદાર ગુજરાત હાઈકોર્ટ ના સરકયુલર નં.ડી.૨૯૧૭/૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ ને ધ્યાને લેતા આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો તેના તાર્કીક અંત સુધી લઈ શકાય તેમ નથી. વધુ માં એ.આઈ.આર.૨૦૦૨ પેજ નં.૧૮૫૬,પ્રમોદકુમાર લાલબહાદુર વિ–સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો ધ્યાને લેતા આ કેસને હવે વધુ લાંબા સમય સુધી પેન્ડીગ રાખવો મને જરુરી યોગ્ય અને ન્યાયી જણાતો નથી.તેથી ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૬ ની કલમ:૨૫૮,અન્વયે આ કેસ ની કોર્ટ કાર્યવાહી આથી પડતી મુકવાનો અને આરોપીને તેની વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમત માંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળા નો હુકમ કરવામાં આવેલ હોય તો તેને આથી કાયમ કરવામાં આવે છે /જો કોઈ નાંણા હોય તો રાજય ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે./બાકીના બીનકીંમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૮/૦૯/૧૮

( જે.એ.બારોટ)
એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ
જીજે–૦૦૪૯૪

સ્પે.સીટીગ અમદાવાદ